પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

www.panchmahalsamachar.com

# પંચમહાલ સમાચાર

E-mail : panchmahalsamachar@gmail.com

Panchmahal Samachar Daily News

RNI NO:- 67073/97

વર્ષ:૨૪, અંક:૨૨૩, કુલ પાના:૪, તારીખ: ૧૫-૦૫-૨૦૨૧ શનિવાર, કિંમત રૂા.૧.૫૦/-,VOLUME/YEAR : 24, ISSUE : 223 PRICE :-RS. 1.50 DATE : 15-05-2021

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL(GUJARAT)

Whatsapp No.9712880678

PRINTED AT: PANCHMAHAL PRESS, MODINI VADI NO-1, STATION ROAD,GODHRA.(PMS) MOBILE : 9429052627 (02672-243351)

પંચમહાલ સમાચાર ઈ-પેપર જોવા વોટ્સએપ પર નામ લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

### દુનિયા માટે અમેરિકાથી આવ્યા રાહતના સમાચાર

## અમેરિકામાં રસીના બંન્ને ડોઝ લેનારને માસ્ક પહેરવામાંથી મુક્તિ



વોશિંગ્ટન,

કોરોના સંક્રમણની થપાટ ખાઈ ચુકેલું અમેરિકા હવે તેને માત આપતું નજરે ચડી રહ્યું છે. યુએસ સેન્ટર ફોર ડીસિઝ કંટ્રોલ એન્ડ પ્રિવેન્શન (સીડીસી)ના કહેવા પ્રમાણે અમેરિકામાં વેક્સિનના બંન્ને ડોઝ લઈ લીધા હોય તે લોકો હવે માસ્ક પહેર્યા વગર અથવા તો ૬ ફૂટના અંતરથી પોતાની ગતિવિધિઓ કરી શકશે.

અમેરિકાની કુલ સંખ્યા ૩૩.૧ કરોડની છે. માહિતી પ્રમાણે, અમેરિકામાં અત્યાર સુધીમાં ૨૬.૫ કરોડ લોકોને વેક્સિન આપવામાં આવી છે. તેમાંથી ૧૨ કરોડ લોકો ફુલી વેક્સિનેટેડ છે. આમ, અત્યારે હાલ અમેરિકાની કુલ વસતિના ૩૬% લોકો ફુલી વેક્સિનેટેડ થઈ ગયા છે. જો કે, આ નિયમ જે વિસ્તારમાં હાલ વેક્સિનેશનની પ્રક્રિયા ચાલી રહી છે અથવા તો સરકારે જ્યાં હજુ પણ પ્રતિબંધ મુકેલો છે ત્યાં લાગુ નહીં થાય.

ઉલ્લેખનીય છે કે, અમેરિકામાં મોટા પાયે વેક્સિનેશનની કામગીરી થઈ છે. અમેરિકામાં મોટા ભાગે તમામ વયસ્કોને વેક્સિન આપવાનું કામ પૂરૂ થઈ ચુક્યું છે અને તાજેતરમાં જ બાળકોને વેક્સિનેશનની મંજૂરી આપવામાં આવી છે. અમેરિકી રાષ્ટ્રપતિ જો બાઈડને આ મુદ્દે સીડીસીની ખુલ્લા દિલે પ્રશંસા

**અમેરિકા કોરોનામુક્ત બનવા તરફ આગળ વધ્યુ, અત્યાર સુધી ૨૬.૫ કરોડ લોકોને વેક્સિન અપાઇ, રસીના બંન્ને ડોઝ લેનારને સોશિયલ ડિસ્ટન્સ અને માસ્કમાંથી મુક્તિ અપાઇ**

કરી હતી. બાઈડને કહ્યું હતું કે, મને થોડા સમય પહેલા જ ખબર પડી કે સીડીસીએ વેક્સિનના બંને ડોઝ લઈ લીધા હોય તે લોકો માટે માસ્કની અનિવાર્યતા હટાવી લીધી છે. આ એક મોટી ઉપલબ્ધિ છે. એક મહાન દિવસ છે. આપણે દેશમાં મોટા ભાગના અમેરિકનોને ખૂબ જ ઓછા સમયમાં વેક્સિન આપી તેના કારણે જ આ સંભવ બની શક્યું.

બાઈડને કહ્યું કે, છેલ્લા ૧૪૪ દિવસથી આપણા વેક્સિનેશન કાર્યક્રમે સમગ્ર વિશ્વનું નેતૃત્વ કામ કર્યું છે. આ અનેક લોકોની આકરી મહેનતના કારણે જ સફળ થઈ શક્યું. વૈજ્ઞાનિક, રિસર્ચર્સ, દવા કંપનીઓ, નેશનલ ગાર્ડ, યુએસ મિલિટરી, ફેમા, તમામ ગવર્નર, ડૉક્ટર, નર્સ વગેરેએ આકરી મહેનત કરી.

અમેરિકા દુનિયામાં ટોપ પર છે જ્યાં કોરોના સંક્રમિતોની સંખ્યા સૌથી વધારે છે. અહીં અત્યાર સુધી ૩ કરોડ ૩૬ લાખ ૧૫ હજારથી વધારે કોરોના દર્દી સામે આવી ચુક્યા છે, જ્યારે અત્યાર સુધી કુલ ૫ લાખ ૯૮ હજારથી વધારે લોકોના મોત થયા છે. અમેરિકામાં અત્યારે ૬૩ લાખ ૫૮ હજારથી વધારે કોરોનાના એક્ટિવ દર્દીઓ પોતાની સારવાર કરાવી રહ્યા છે. અમેરિકામાં અત્યાર સુધી ૨ કરોડ ૬૬ લાખથી વધારે સંક્રમિતો સારવાર ઠીક થયા છે.

### જામનગરમાં કંટ્રોલ રૂમ શરૂ કરાયો,રાજકોટમાં NDRFની ટીમ સ્ટેન્ડ બાય

## 'તૌકતે' સામે ગુજરાત અલર્ટ : વાવાઝોડા બાદ ભારે વરસાદની આગાહી



ગાંધીનગર,

કોરોનાકાળ વચ્ચે ગુજરાત પર વાવાઝોડાનું સંકટ છે. હવામાનની આગાહી અનુસાર આજથી રાજ્યના વાતાવરણમાં મોટો પલટો આવી શકે છે. અરબી સમદ્રમાં થંડર સ્ટોર્મ તૈયાર થઇ રહ્યું છે અને ગુજરાતમાં દરિયાકાંઠે ૧૬મે એ ત્રાટકી શકે છે ત્યારે વાવાઝોડાનું નામ તૌકતે અપાયું છે. વાવાઝોડાની અસર ૧૬થી ૧૯ મે સુધી ગુજરાત પર રહેશે. સૌરાષ્ટ્ર અને કચ્છમાં વાવાઝોડાની સૌથી વધુ અસર રહેશે. ૧૮ અને ૧૯ મે સૌરાષ્ટ્રમાં ભારે વરસાદની આગાહી કરાઇ છે. ત્યારે દ્વારકા, જામનગર, ભાવનગરમાં અસર જોવા મળશે. રાજકોટ, કચ્છ અને માંડવિ સહિતના વિસ્તારોમાં અસર જોવા મળશે. હવામાન વિભાગ મુજબ ૧૬મીથી અનેક વિસ્તારોમાં વરસાદની સંભાવના છે.

રાજય પર તૌકતે વાવાઝોડાનો ખતરો છે. આ વાવાઝોડું સૌરાષ્ટ્રના દરિયાકાંઠા વિસ્તારમાં અસર કરશે. જેને લઇ રાજકોટમાં માછીમારોને પરત ફરવા માટે આદેશ આપી દેવાયો છે. ૧૬ મે આસપાસ દરિયામાં અસર જોવા મળશે જેના કારણે ત્યારે કર્મચારીઓને હેડ ક્વાર્ટર નહીં છોડવા આદેશ અપાયો છે. સાથે જ રાજકોટમાં એનડીઆરએફની ટીમ સ્ટેન્ડ બાય રાખવામાં આવી છે.

તૌકતે વાવાઝોડાને લઇ જામનગરમાં પણ એલર્ટ આપી દેવાયું છે તથા દરિયા કિનારા આસપાસના વિસ્તારના લોકોને અલર્ટ કરી દેવાયા છે. સોમવારે વાવાઝોડું દરિયા કિનારે પહોંચે તેવી સંભાવના છે. જેને લઇ જામનગરમાં કંટ્રોલ રૂમ પણ શરૂ કરાયો છે. જેનો હેલ્પલાઇન નંબર ૧૦૧, ૯૦૯૯૧૧૨૧૦૧ શરૂ કરાયા છે. વાવાઝોડાને લઇ બેડી, નવા બંદર, સિક્કા અને રોજી બંદરે માછીમારોને સૂચના આપી દેવાઇ છે.

વાવાઝોડાને લઈને કચ્છમાં પણ તંત્ર અલર્ટ થઈ ગયું છે જેને લઈને કાંઠા વિસ્તારના ૧૨૩ ગામોને એલર્ટ કરવામાં આવ્યા.

## રાજકોટ સિવિલે વધારી તંત્રની ચિંતા: ૨૦૦ મ્યુકરમાઈકોસિસના કેસ

રાજકોટ,

કોરોનાને હરાવનારા દર્દીઓને મ્યુકરમાઈકોસિસ નામની બ્લેક ફંગસની સમસ્યા વધતી જઈ રહી છે. રાજકોટમાં આ ફંગસના ૨૦૦ જેટલા દર્દીઓ હોવાનું કહેવાઈ રહ્યું છે. જે દેશમાં કોઈ એક હોસ્પિટલમાં સૌથી વધુ કેસ છે.એઈમ્સના ડિરેક્ટર ડૉ રણદીપ ગુલેરિયાએ બ્લેક ફંગસના વધતા દર્દીઓને લઈને ચિંતા વ્યક્ત કરી છે. રાજ્યના વિવિધ જિલ્લાઓમાં વધી રહેલા મ્યુકરમાઈકોસિસના કેસોને ધ્યાનમાં લઈને રાજકોટની સિવિલ હોસ્પિટલમાં વધારાના ૫૦૦ બેડની વ્યવસ્થા કરવામાં આવી છે.

આ અંગે રાજકોટના સિવિલ સર્જન ડૉ આરએસ ત્રિવેદીના જણાવ્યા મુજબ, રાજકોટની સિવિલ હોસ્પિટલમાં હાલના દિવસોમાં મ્યુકરમાઈકોસિસના ૨૦૦ કેસ છે. જે અન્ય શહેરો જેમ કે અમદાવાદ, વડોદરા અને સુરતની સરખામણીમાં સૌથી વધુ છે. વધી રહેલા કેસોને ધ્યાનમાં રાખીને મ્યુકરમાઈકોસિસના દર્દીઓ માટે વધુ ૫૦૦ બેટની વ્યવસ્થા કરવામાં આવી છે.

બ્લેક ફંગસના દર્દીઓને લગભગ દોઢ મહિના સુધી હોસ્પિટલમાં રાખવા પડે છે. આ માટે સિવિલ હોસ્પિટલમાં ટ્રોમા અને ઓપીડી બિલ્ડિંગને રિઝર્વ રાખવામાં આવશે. ડૉક્ટરોનું કહેવું છે કે, ડાયાબિટીશની સાથે કોરોના સંક્રમણની સારવાર દરમિયાન ઉપયોગમાં લેવાયેલા સ્ટેરોઈડના કારણે મ્યુકરમાઈકોસિસના કેસો સતત વધી રહ્યાં છે.

એમ્સજીના ડિરેક્ટર ડૉ રણદીપ ગુલેરિયાએ રાજકોટમાં વધી રહેલા મ્યુકરમાઈકોસિસના કેસોને લઈને ચિંતા વ્યક્ત કરી છે. આ સંદર્ભે તેમણે રાજકોટ સિવિલ હોસ્પિટલના તબીબો સાથે વીડિયો કોન્ફરન્સના માધ્યમથી બેઠક કરીને વિવિધ મુદ્દાઓ પર ચર્ચા કરી છે.

આ ચર્ચામાં તેમણે જણાવ્યું કે, દેશમાં સંભવતઃ મ્યુકરમાઈકોસિસના સૌથી વધુ કેસ રાજકોટમાં છે. આ બ્લેક ફંગસને લઈને રાજકોટ સિવિલ હોસ્પિટલ તરફથી લેવાયેલા પગલાની તેમણે સરાહના કરી છે.

કોરોનાની સારવાર દરમિયાન ઑક્સિજન લેનારા દર્દીઓને મ્યુકરમાઈકોસિસની આશંકાને ફગાવતા તેમણે કહ્યું કે, બ્લેક ફંગસનું મુખ્ય કારણ ડાયાબિટીસના દર્દીઓમાં સ્ટેરૉઈડનો ઉપયોગ છે. આ ચર્ચા દરમિયાન તેમણે ફંગસની સારવાર માટે લાઈકોસોમલ નામની દવાનો ઉપયોગ કરવા પર ભાર મૂક્યો છે. આ સાથે જ ગાઈડલાઈન મુજબ જ સારવાર કરવી જોઈએ.

### ગંગામાં વહેતા મૃતદેહોનો કેસ

## માનવ અધિકાર પંચે કેન્દ્ર, બિહાર, ઉત્તરપ્રદેશ સરકારને નોટિસ ફટકારી



ન્યુ દિલ્હી,

ઉત્તરપ્રદેશ અને બિહારમાં ગંગા નદીમાં સતત વહેતા મૃતદેહોનો મુદ્દો ગંભીર બની રહ્યો છે. અહેવાલો અનુસાર રાષ્ટ્રીય માનવાધિકાર આયોગ (એનએચઆરસી)એ પણ આ બાબત ધ્યાનમાં લીધી છે. તેણે કેન્દ્ર, બિહાર અને ઉત્તરપ્રદેશની સરકારોને નોટિસ ફટકારી છે, જ્યારે રાષ્ટ્રીય સ્વચ્છ ગંગા મિશન (એનએમસીજી)એ મૃતદેહોના મામલાને કોરોના પ્રોટોકોલનું ઘોર ઉલ્લંઘન ગણાવ્યું છે.એમ કહેવામાં આવે છે કે એનએચઆરસીએ કેન્દ્ર, બિહાર અને ઉત્તરપ્રદેશની સરકારો પાસેથી ચાર અઠવાડિયાંમાં જવાબ માગ્યા છે. તેમને પૂછવામાં આવ્યું છે કે ગંગામાં મૃતદેહ વહેતા હોવાના કિસ્સામાં તેણે અત્યારસુધીમાં શું પગલા ભર્યા છે એ જણાવો? બીજી તરફ, રાષ્ટ્રીય સ્વચ્છ ગંગા અભિયાન સાથે સંકળાયેલી કેન્દ્રીય સંસ્થા એનએમસીજીએ સંબંધિત રાજ્યોના મુખ્ય સચિવોને પત્ર લખ્યો હતો.એનએમસીજીના ડિરેક્ટર જનરલ રાજીવ રંજન મિશ્રાએ તેમાં લખ્યું છે કે 'ગંગામાં મૃતદેહો અથવા હાડપિંજર ફેંકી દેવાં એ કોરોના પ્રોટોકોલનું ઉલ્લંઘન છે. આ માત્ર ન તો નદીને જ પ્રદૂષિત બનાવે છે, પરંતુ ગંગાના કાંઠે શહેરોમાં, ગામના લોકોમાં પણ સંક્રમણનું જોખમ વધે છે. આને રોકવા તાત્કાલિક જરૂરી પગલાં ભરવાં જોઈએ.' પત્ર બિહાર, ઉત્તરપ્રદેશ, ઉત્તરાખંડ, ઝારખંડ અને પશ્ચિમ બંગાળના મુખ્ય સચિવોને લખવામાં આવ્યો છે. ગંગા આ રાજ્યોમાંથી પસાર થાય છે.

### જૂનના બીજા સપ્તાહમાં પરીક્ષા યોજાવાની શક્યતા

## ધો. ૧૨ની પરીક્ષાને લઈ આજે મળશે મહત્વપૂર્ણ બેઠક



અમદાવાદ

કોરોનાને કારણે ધોરણ ૧૦ના વિદ્યાર્થીઓને માસ પ્રમોશન આપવામાં આવ્યું છે ત્યારે ધોરણ ૧૨ની પરીક્ષા યોજવા હજુ કોઈ નિર્ણય લેવામાં આવ્યો નથી, પરંતુ આવતીકાલે શિક્ષણ વિભાગ,આરોગ્ય વિભાગ અને મુખ્યમંત્રી વચ્ચે રિવ્યૂ બેઠક યોજાશે, જેમાં પરીક્ષા યોજવા અંગે નિર્ણય લેવામાં આવશે. જૂન મહિનાના બીજા અઠવાડિયામાં ધોરણ ૧૨ની પરીક્ષા યોજવાની શક્યતા છે.ગુજરાત બોર્ડ દ્વારા યોજાનારી ધોરણ ૧૦ની પરીક્ષા રદ કરીને વિદ્યાર્થીઓને માસ પ્રમોશન આપવામાં આવ્યું છે, ત્યારે ધોરણ ૧૨ની પરીક્ષા અંગે હજુ કોઈ નિર્ણય લેવામાં આવ્યો નથી. ધોરણ ૧૨ની પરીક્ષા માટે આવતીકાલે ગાંધીનગર ખાતે શિક્ષણ વિભાગના સચિવ, શિક્ષણમંત્રી, આરોગ્ય વિભાગ, મુખ્યમંત્રી વચ્ચે એક બેઠક યોજાશે, જેમાં ધોરણ ૧૨માં ભણતા ૫.૫૦ લાખ વિદ્યાર્થીઓની પરીક્ષા અંગે નિર્ણય લેવામાં આવશે.

મળતી માહિતી મુજબ, આવતીકાલની બેઠકમાં જૂન મહિનાના બીજા અઠવાડિયામાં ધોરણ ૧૨ની પરીક્ષા યોજવા નિર્ણય લેવામાં આવશે. અત્યારે કોરોનાના કેસમાં ઘટાડો થઇ રહ્યો છે, જૂન મહિના સુધીમાં કેસમાં ખાસો એવો ઘટાડો થશે. ઉપરાંત આવતીકાલે નિર્ણય લેવામાં આવે તો વિદ્યાર્થીઓને તૈયારી માટે ૨૦ દિવસ કરતાં વધુ સમય મળી રહે. તમામ બાબતોને ધ્યાનમાં રાખીને આવતીકાલે પરીક્ષા અંગે નિર્ણય લેવામાં આવશે.

### ગૃહમંત્રી જાડેજા,મહંત દિલિપદાસજી હાજર રહ્યા

## રથયાત્રાની તૈયારીઓ શરુ: ૩ ઐતિહાસિક રથની પૂજા કરાઇ





અમદાવાદ

ભગવાન જગન્નાથજીની ૧૪૪મી રથયાત્રા પહેલાં આજે શુક્રવારે સવારે ૯ વાગે ત્રણેય રથનું પરંપરાગત રીતે પૂજન કરવામાં આવ્યું હતું. આજે અક્ષય તૃતીયાનો દિવસ છે. ત્યારે આજે જગન્નાથ મંદિરમાં આવેલ ૩ ઐતિહાસિક રથની પૂજા કરવામાં આવી છે. જેને ચંદન પૂજા કહેવામા આવે છે. ગૃહરાજ્ય મંત્રી પ્રદીપસિંહ જાડેજા પણ આ પૂજામાં જોડાયા હતા. આજે અક્ષય તૃતિયાના દિવસે જગન્નાથજી મંદિરમાં રથની પૂજા કરવાની વિધિ કરાઈ હતી. આજે ભગવાન જગન્નાથ, બહેન સુભદ્રા અને ભાઈ બલરામના રથનું પૂજન કરવામાં આવ્યુ હતુ. આ વિધિ અત્યંત સાદગીથી અને ગણતરીના લોકોની હાજરીમાં કરાઈ હતી. ત્યાર બાદ જ વિધિગત રથયાત્રાની અન્ય વિધિ અને રથનું સમારકામ શરૂ થાય છે. દર વર્ષે મોટી સંખ્યામાં લોકો આ ચંદન પૂજામાં હાજર રહે છે પરંતુ આ વર્ષે ભક્તોની ગેરહાજરી જોવા મળી હતી. ભક્તો વગર જ માત્ર ગણતરીની સંખ્યામાં લોકોની હાજરીમાં પૂજાવિધિ સંપન્ન કરવામાં આવી હતી. આ પ્રસંદે ગૃહરાજયમંત્રી પ્રદિપસિંહ જાડેજાએ જણાવ્યું હતું કે, રથયાત્રા ૩ તબક્કામાં યોજવામાં આવે છે, જેમાં પહેલો તબક્કો ચંદન પુજા, બીજો તબક્કો જળયાત્રા અને ત્રીજો તબક્કો રથયાત્રા છે. ગયા વર્ષે આપણે કોરોના મહામારીને કારણે રથયાત્રા કાઢી શક્યા નહોતા, ત્યારે આ વર્ષે રથયાત્રા નીકળશે કે નહિ એ કહેવું હાલ વહેલું છે. ભગવાન જગન્નાથને પ્રાર્થના કરી છે કે મહામારીમાંથી જલદી મુક્તિ મળે.ઉલ્લેખનીય છે કે, કોરોનાની મહામારીના કારણે ગત વર્ષે રથયાત્રા મંદિર પરિસરમાં જ નીકળી હતી. ત્યારે આ વર્ષે પણ જગન્નાથજીની રથયાત્રા નીકળશે કે કેમ એ અંગે ભક્તોમાં અસમંજસ છે. કોરોના મહામારીના હાલ બીજો વેવ છે. તેથી તેની અસર રથયાત્રા પહેલા યોજાતી જળયાત્રા પર પણ થાય તેવી શક્યતા છે. ૨૪મી જૂનના રોજ જળયાત્રા યોજાનાર છે, તેથી તે સમયે પરિસ્થિતિ મુજબ નિર્ણય લેવાશે તેવુ હાલ મંદિરના ટ્રસ્ટીઓનું કહેવું છે.

## ૨ હજારથી વધુ નર્સની જગ્યાઓ પર તાત્કાલિક ધોરણે સીધી ભરતી કરાશે

ગાંધીનગર,

રાજયમાં ૨ હજારથી વધુ નર્સની જગ્યાઓ તાત્કાલિક અસરથી સીધી ભરતીથી ભરવાનો નિર્ણય આજે મુખ્યમંત્રી વિજય રૂપાણીના અધ્યક્ષસ્થાને મળેલી કોર કમિટીમાં નિર્ણય લેવાયો છે. કોર કમિટિના આ નિર્ણય અનુસાર, રાજયમાં ૨૦૧૯ જેટલી હાલ ખાલી પડેલી નર્સિસની જગ્યાઓ સીધી ભરતીથી તાત્કાલિક ધોરણે ભરવાની પ્રક્રિયા આરોગ્ય વિભાગ હાથ ધરશે.રાજયમાં કોરોનાએ કાળો કેર વર્તાવ્યો છે. ચોતરફ કોરોનાના કેસોએ હાહાકાર મચાવ્યો હતો. જો કે શહેરી વિસ્તારમાં તબક્કાવાર ઘટાડો નોંધાતો જાય છે, પરંતુ ગ્રામીણ વિસ્તારમાં કેસોમાં તબક્કાવાર વધારો થઇ રહ્યો છે. આ ગામડાંઓમાં કોવિડ કેર સેન્ટરો ઊભા કરવામાં આવ્યા છે અને ત્યાં ઓક્સીજનથી માંડીને અન્ય સુવિધાઓ ઊભી કરવામાં આવી છે, પરંતુ કોરોનાના દર્દીઓની સારવાર કરવા માટે મેડિકલ સ્ટાફની અછત વર્તાઇ રહી છે.જેના પરિણામે ગુજરાતના મુખ્યમંત્રી વિજય રૂપાણીના અધ્યક્ષ સ્થાને યોજાયેલી કોર કમિટીની આજની બેઠકમાં બે હજારથી વધુ નર્સની જગ્યાઓ તાત્કાલિક અસરથી સીધી ભરતી કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે.

મહિસાગર આવૃત્તિ
લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા
પંચમહાલ સમાચાર

# મહીસાગર જિલ્લામાં આજે ૧૧૧ પોઝિટિવ કેસ નોંધાયા

## અત્યારસુધી જિલ્લામાં કોરોનાના કુલ ૬૫૪૧ પોઝીટીવ કેસ નોંધાયા

કોરોના વાયરસની સામે લડવા કેન્દ્ર અને રાજય સરકારે અગમચેતીનાં સંખ્યાબંધ પગલાંઓ લીધા છે. કોરોના સામે લડવા લોકોની જાગૃતિ એટલી જ જરૂરી છે. જાગૃતિ અને સાવધાની એ જ બચાવનું શ્રેષ્ઠ માધ્યમ સાબિત થયા છે.

મહીસાગર જિલ્લામાં આજે બાલાસિનોર તાલુકાની ૦૯ સ્ત્રી, ૧૧ પુરૂષ, કડાણા તાલુકાની ૦૧ સ્ત્રી, ૦૩ પુરૂષ, ખાનપુર તાલુકાની ૦૨ સ્ત્રી, ૦૩ પુરૂષ, લુણાવાડા તાલુકાની ૧૪ સ્ત્રી, ૩૩ પુરૂષ, સંતરામપુર તાલુકાની ૦૯ સ્ત્રી, ૧૪ પુરૂષ અને વિરપુર તાલુકાની ૦૭ સ્ત્રી અને ૦૫ પુરૂષનો કોરોના રીપોર્ટ પોઝીટીવ આવ્યા છે. આમ, જિલ્લામાં કોરોનાના અત્યાર સુધીમાં એટલે કે તારીખ ૧૪-૦૫-૨૦૨૧ના સાંજના ૫-૦૦ વાગ્યા સુધીમાં ૬૫૧૪ કેસ પોઝીટીવ નોધાયા છે. આજે જિલ્લામાં સારવાર લઇ રહેલા દર્દીઓ પૈકી બાલાસિનોર તાલુકાની ૨૨ સ્ત્રીં, ૨૮ પુરૂષ, કડાણા તાલુકાની ૦૭ સ્ત્રી, ૦૫ પુરૂષ, ખાનપુર તાલુકાની ૧૧ સ્ત્રી, ૧૩ પુરૂષ, લુણાવાડા તાલુકાની ૧૯ સ્ત્રી, ૨૬ પુરૂષ, સંતરામપુર તાલુકાની ૧૮ સ્ત્રી, ૧૭ પુરૂષ અને વિરપુર તાલુકાની ૧૪ સ્ત્રી, ૧૫ પુરૂષ દર્દીઓએ કોરોનાને મ્હાત આપતાં તેમને રજા આપવામાં આવી છે. આમ, જિલ્લામાં અત્યાર સુધીમાં કુલ ૪૯૨૫ દર્દીઓ સ્વસ્થ થઈને સ્વગૃહે પરત ફર્યા છે. જિલ્લામાં કોરોનાના સંક્રમણને કારણે ૨૨ વ્યક્તિનું મૃત્યુ થયા છે. જયારે અન્ય કારણથી ૫૧ દર્દીનુ મૃત્યુ થતાં જિલ્લામાં કુલ ૭૩ મૃત્યુ નોંધાવા પામ્યા છે. અત્યાર સુધીમાં જિલ્લામાં સીઝનલફ્લુ/ કોરોનાના કુલ ૨૨૧૩૨૪ રીપોર્ટ નેગેટીવ આવ્યા છે. તેમજ જિલ્લાના ૫૭૮ વ્યક્તિઓને હોમ ક્વોરોન્ટાઈલ હેઠળ રાખવામાં આવ્યા હોવાનું મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીએ જણાવ્યું છે. મહીસાગર જિલ્લામાં કોરોના પોઝીટીવના કારણે ૩૨ દર્દી ડીસ્ટ્રીકટ હોસ્પિટલ-લુણાવાડા, ૧૦૯૩ દર્દી હોમ આઈસોલેશન, ૪૬ દર્દી એસ. ડી.એચ.સંતરામપુર, ૮૮ દર્દી અન્ય જિલ્લા ખાતે અને ૨૮૪ દર્દી પ્રાઈવેટ હોસ્પિટલ મહીસાગર ખાતે સારવાર હેઠળ છે. કોરોના પોઝીટીવ આવેલ દર્દીઓ પૈકી ૧૩૧૯ દર્દીઓ સ્ટેબલ, ૨૧૦ દર્દીઓ ઓક્સિજન પર અને ૧૪ વેન્ટીલેટર પર છે.

**મહીસાગરમાં આજે કોરોનાના કેસની સંખ્યા**

બાલાસીનોર-૨૦
કડાણા-૦૪
ખાનપુર-૦૫
લુણાવાડા-૪૭
સંતરામપુર-૨૩
વિરપુર-૧૨

# મહીસાગરમાં અખાત્રીજના શુભ દિવસથી ખેડૂતોએ ખેતીનો કર્યો શુભારંભ



મહિસાગર, જિલ્લામાં ખેડૂતોએ અખાત્રીજના અનેરા દિવસની ઉજવણીના ભાગરૂપે પૂજાઅર્ચના કરી ખેતીની પરંપરાગત શરુઆત કરી હતી. આજે અખાત્રીજના દિવસે ધરતીપુત્રો દ્વારા વહેલી સવારે ખેતરમાં ખેતીના ઓજારો સવેડુ, કળીયું, ટ્રેક્ટરને તીલક કરી પૂજાઅર્ચના સાથે નવા વર્ષ માટેની ખેતીનો શુભારંભ કરવામાં આવ્યો છે. પૂજાઅર્ચના કરીને સૌથી ઉપયોગી ગણાતા ખેડૂતોના પ્રિય એવા બળદોની પણ પૂજા કરીને કુમકુમ તીલક બાદ ખેડૂત દ્વારા બળદોને ગોળ ખવડાવીને મોં મીઠું કરાવાયું હતું. અખાત્રીજ એ ખેડૂતો માટે નવા વર્ષ સમાન ગણાય છે. આજના શુભ દિવસથી ખેડૂતો ખેતીની પ્રવૃત્તિમાં જોતરાય છે.

ધરતીપુત્રો આ દિવસની આતુરતાથી રાહ દેખે છે ત્યારે આજે ખેડૂતો દ્વારા ખેતરમાં વાવેતરનું કામ શરુ કરવામાં આવ્યું હતું. જેમાં વધુમાં વધુ અનાજ પાકે તેવી ખેડૂતો દ્વારા ધરતીમાતા પાસે પ્રાર્થના કરવામાં આવી છે. આ વર્ષ ખેતી અને પશુપંખી માટે સારું નીવડે તેવી પ્રાર્થના પણ કરી હતી. આજના દિવસથી બધા જ શુભ મુહૂર્તોની શરૂઆતને લઈને જિલ્લાના ખેડૂતો પોતાના કામોમાં જોતરાઈ ગયાં છે.

# સંતરામપુર નગરમાં મુસ્લીમ બિરાદરોએ સાદગીથી ઈદની ઉજવણી કરી



તસ્વીર : બશીર પઠાણ, સંતરામપુર

સંતરામપુર, સંતરામપુર નગરમાં તમામ મુસ્લિમ બિરાદરોએ સાદગી પૂર્વક રમજાન ઈદની ઉજવણી કરવામાં આવી. સંતરામપુર નગરમાં તમામ મુસ્લિમ બિરાદરોએ ઈદ-ઉલ-ફિત્રની નમાજ અદા કરી ને આજે મુસ્લિમ બિરાદરોએ સાદગી પૂર્વક રમજાન ઈદની ઉજવણી કરી હતી અને સાથે સાથે આવી કોરોનાની આવી ગંભીર બીમારી જલ્દી ખતમ થઈ જાય નમાઝ અદા કર્યા પછી દુઆ કરવામાં આવી હતી.

# સંતરામપુરન ઍંનદરા ગામના નિવૃત્ત બીએસએફ જવાનના મજબુત મનોબળે કોરોનાને માત આપી સાજા થયા

સંતરામપુર, સંતરામપુર તાલુકાના ઍંનદરા ગામના ૨૮ બટાલિયન બોર્ડર સીક્યુરીટી ફોર્સના નિવૃત જવાન કુબેરભાઈમોતીભાઈ મક્વાણા કોરોનાગ્રસ્ત થતાં સંતરામપુર ડેડીકેટેટ કોવિડ હેલ્થ સેંટરમાં સારવાર માટે તા.૧૯.૪.૨૧ ના રોજ દાખલ કરવામાં આવ્યા હતા. આ નિવૃત્ત જવાનની તબિયત લથડતા ને ઓક્સીજનનું લેવલ એક્દમ ડાઉન થતાં તેઓને વધુ સારવાર માટે ૨૯.૪ ના રોજ વડોદરા સરકારી હોસ્પિટલ ગોત્રીમાં ટ્રાન્સફર કરાયેલ હતાં. જે આ કોરોનાગ્રસ્ત નિવૃત જવાનને ગોત્રી હોસ્પીટલમાં સારવાર માટે જગ્યાના અભાવે એડમીટ કરાયેલ નહીં અને આ નિવૃત જવાન પરત સંતરામપુર આવેલ અને કોવિડ હેલ્થ સેંટરના મેડીકલસટાફ ને કહે કે મને અહીં જ દાખલ કરો મારે અહીંયા જ સારવાર લેવી છે અને હું અહીં થીજ સાજો થઈ ઘરે જઈશ.

આ નિવૃત્ત જવાનનું મનોબળ જોઈ કોવિડ હેલ્થ સેંટરના મેડીકલ સ્ટાફ પણ આશ્ચર્યચકિત થઈ ગયેલને આ નિવૃત્ત જવાનની હિમંત ને જોઈ તેને દાખલ કરી ને સંતરામપુર કોવિડ હેલ્થ સેંટરના મેડીકલ ઓફિસર ડોક્ટર, સ્ટાફે આ નિવૃત જવાન કે જેને દેશની રક્ષા માટે પોતાની જાતને સોંપી સેવા કરી તેવા આ નિવૃત્ત જવાનને કોરોનાના સંક્રમણ માંથી ઉગારવા દ્રઢ સંકલ્પ કર્યો હોય તેમ આ નિવૃત્ત જવાનની હિમંત ને જોઈ ને સારવાર કરી ને આ નિવૃત્ત જવાનને નવું જીવન બક્સયું ને આ નિવૃત્ત જવાન કોરોના મુકત થઈ ને આજરોજ ખુશખુશાલ થઈને કોવિડ હેલ્થ સેંટરના મેડીકલ ઓફિસરને સ્ટાફ ને વંદન કરીને આભાર વ્યકત કરીને પોતાના કૌટુંબિજનો સાથે સરકારી એમ્બ્યુલન્સમાં બેસીને પોતાના ઘરે ખુશખુશાલ થઈ ગયેલ.

જે આ નિવૃત્ત જવાનનુંઓક્સીજનનુંલેવલ એકદમ ડાઉન થઈ જતાં તેમને વડોદરા ખાતે સારવાર માટે મોકલ્યા પરંતુ આ દેશની રક્ષા કરનાર આ નિવૃત્ત જવાન ની સારવાર માટે તેને ગોત્રી હોસ્પીટલ વડોદરામાં દાખલના કરાયો. ત્યારે આ નિવૃત્ત જવાનની શું સ્થિતિ થઈ હશે તે તો તે જાણે???

આ કોરોનાગ્રસ્ત નિવૃત્ત જવાને હિંમતના હારીને પરત સંતરામપુર આવેલ અને કોવિડહેલથ સેંટરમાં દાખલ થઈ સારવાર કરાવેલ.

આમ દેશની રક્ષા કરનાર આ નિવૃત્ત જવાન ને પણ સરકારી ગોત્રી હોસ્પીટલમાં સારવાર માટે દાખલના કરાયને બેડ મળે નહીં તે શું કહેવાય? દેશની રક્ષા માટે પોતાની જાતને સોંપી સેવા કરનાર નિવૃત જવાનોને આ કોરોનાની મહામારીમાં પણ સારવાર માટેની વ્યવસ્થામાં અગ્રિમતા અપાય તે માટે કેંદ્ર સરકારને રાજય સરકારને આરોગ્ય અને પરીવાર કલ્યાણ વિભાગે દવારા યોગ્ય વ્યવસ્થા કરાય તે હાલની પરિસ્થિતિમાં જરૂરી છે?

# સંતરામપુરની મોટી ભુગેડી ગામના ખેડુતો એ અખાત્રીજના દિવસે ખેત ઓજારોની પૂજા કરી



સંતરામપુર તાલુકાના મોટી ભુગેડી ગામે અને અલગ-અલગ ગામડાઓમાં આદિવાસી સમાજનો નવા વર્ષની શરૂઆતનો પ્રથમ તહેવાર તરીકે અખાત્રીજ આદિવાસી સમુદાયના લોકો દ્વારા સંસ્કૃતિ પરંપરાગત પ્રમાણે ખેત ઓજારોની પૂજા ઉપરાંત નવા ધાન્યના વાવેતરની સાથે ગામ અને સમાજના કલ્યાણ માટે કામના કરતી પૂજા અર્ચના કરવામાં આવી હતી.લોકડાઉનના પગલે ગામના લોકો એકસાથે ભેગા ન થાય પરંતુ દરેક પોતાના ખેતર લઈને કે ઘરમાં પૂજા કરી હતી. સંતરામપુર તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં આદિવાસી સમાજમાં અખાત્રીજના દિવસે ઘરના એક વ્યક્તિ પ્રતિનિધિત્વ તરીકે ગામમાં ભેગા થાય છે. ફાડો કરે છે અને ગામના ભગત પાસે હિમાલયા દેવની ક્ષેત્રપાલ પૂજા અર્ચના કરવામાં આવે છે. સમયસર અને સારૂ ચોમાસું આવે એવું ઢોર ઢાંખર સારા રહે આરોગ્ય સારૂ રહે અને દરેક વ્યક્તિનું આરોગ્ય સારૂ રહે અને ધનધાન્ય થકી સમૃદ્ધિ વધે તે માટે સંકલ્પ કરીને પૂજા કરવામાં આવે છે.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૭૭, શાલિવાહન શક-૧૯૪૨,વીર સંવત-૨૫૪૭, ઈસ્લામીક સંવત-૧૪૪૨, તા.૧૫-૦૫-૨૦૨૧, શનિવાર, વૈશાખ સુદ ૩, સૂર્યોદય-૫-૩૦, સૂર્યાસ્ત-૭-૦૪, જૈન નવકારશી-૮-૧૦, આજની રાશિ : વૃષભ (બ.વ.ઉ.), નક્ષત્રઃ મૃગશીર્ષા

સૂર્ય-કુંભ
ચંદ્ર-કર્ક
મંગળ-ધન
બુધ-કુંભ
ગુરૂ-ધન
શુક્ર-મેષ
શનિ-મકર
રાહુ-મિથુન
કેતુ-ધન
હર્ષલ-મેષ
નેપ્ચ્યુન-કુંભ
પ્લુટો-મકર

- શુભ ચોઘડીયા -
અભિજીત ૧૩-૩૯ થી ૧૩-૨૪, ૮-૪૬ થી શુભ ૧૦-૧૧ સુધી, ૧૩-૦૧ થી ચલ-લાભ-અમૃત, ૧૭-૧૬ સુધી, ૧૮-૪૨ થી લાભ-૨૦-૧૬ સુધી, ૨૧-૫૧ થી શુભ-અમૃત-૨૫-૦૧ સુધી

- શુભ હોરા-
૮-૧૮ થી ૯-૧૪ સુધી, ૧૧-૦૮થી ૧૩-૫૮ સુધી, ૧૪-૫૫થી ૧૩-૫૧ સુધી ૧૭-૪૫થી ૨૦-૪૮ સુધી

## દૈનિક રાશીફળ

તા.૧૫.૦૫.૨૦૨૧ શનિવાર

મેષ (અ.લ.ઈ.) :- માનસિક તનાવ કારણ વગરનો રહે. સાહસિકોએ થોડી ધીરજ કેળવવી કાનૂની પ્રશ્નો ટાળવા વિદેશ જવાના તક મલે.
વૃષભ (બ.વ.ઉ.) :- સમસ્યાનું નિરાકરણ શકય બને નવા નાણાકીય જોખમો ન લેવા વિજાતીય મિત્રતા બાબત જાળવવું. નોકરીમાં લાભ રહે.
મિથુન (ક.છ.ઘ.) :- વડીલો પાર્જીત મિલ્કતના પ્રશ્નોમાં અનુકુળતા રહે. આત્મવશ્વિાસ વધવાનો જુના સબંધો તાજા થાય રાજકીય લાભ મલે.
કર્ક (ડ.હ.) :- ભાગીદારો સાથે વિચારભેદ બાબત સાવધાની રાખવી થોડી ધીરજલ કેળવજો. તમારા નિર્ણયો જ લાભ અપાવશે.
સિંહ (મ.ટ.) :- મોજ શોખ પાછળ સમયનો વ્યય ન કરતા. દિવસ લાભદાયક રહેશે મહેનતનું ફળ મલવાનું છે. નોકરીમાં ચીવટ રાખવી.
કન્યા (પ.ઠ.ણ.) :- એકાગ્રત કેળવવાની સલાહ છે. લાલચથી દુર રહેજો લાંબા ગાળાનું ઈન્વેસ્ટમેન્ટ લાભદાયક રહે. મિત્રોથી આર્થિક લાભ મલે.
તુલા (ર.ત.) :- વિશ્વ સંચાલક ઉપર વિશ્વાસ રાખો અને તમો યોગ્ય પુરૂષાર્થ ને વળગી રહે. જરૂર થી સફળતા મેળવશો.
વૃશ્ચિક (ન.ય.) :- હાથલા લીધેલા કાર્યોને વળગી રહેજો કર્મચારી વર્ગનો સહકાર મલવાનો છે. પ્રવાસમાં સફળતા.
ધન (ભ.ધ.ફ.ઢ.) :- પ્રતિષ્ઠા વધવાની છે. નાણાકીય મુશ્કેલી દૂર થવાની છે. ભાઈ-બહેનોનો સહકાર મલવાનો.
મકર (ખ.જ.) :- અંધકારનો ત્યાગક રવા મટો પ્રકાશ જરૂરી છે. કાંઈક મેળવવા તમારે મહેનત તો કરવી પડશે.
કુંભ (ગ.શ.સ.) :- તમારી નજીકના વ્યકિતઓ કોઈ ભ્રમમાં ન રાખે તેનું ધ્યાન રાખવાનું આત્મવિશ્વાસ વધારવો.
મીન (દ.ચ.ઝ.) :- કર્મક્ષેત્રે મહેનતનું ફળ જરૂર મલવાનું નવુ સાહસ કરવા માટે યોગ્ય વ્યકિતનું માર્ગદર્શન લેજો.

# લોકડાઉન આવી પડે તો....! કોરોનાની બીજી લહેરમાં ભામાશાઓની પણ અછત.....!?

દેશમાં કોરોના અટકવાનું નામ લેતો નથી. ગત પાંચેક દિવસ કોરોના કેસોમાં ઘટાડો થયો પરંતુ છેલ્લા ૨૪ કલાકમાં પુનઃ કેસો વધવા લાગ્યા છે.બીજી તરફ કોરોના અનુસંધાને ટેસ્ટ ઓછા થતાં હોવાની ફરિયાદો પણ ઉઠવા પામી છે... દેશભરમાં કુલ ૭૩૪ જિલ્લાઓ છે તે પૈકી ૩૧૦ જેટલા એવા છે કે જ્યાં ૧૦ ટકાથી વધુ કોરોના સંક્રમણના કેસો છે. જ્યારે દેશભરમાં લોકડાઉન લાગવું જોઈએ તેમ દેશના અનેક નિષ્ણાતોનું કહેવું છે તેમજ વિદેશના નિષ્ણાતોની પણ એવીજ સલાહ છે. અને આવા સમયે ઈન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચે દેશમાં કોરોના મહામારી રોકવા જે જિલ્લામાં ૧૦ ટકાથી વધુ કોરોના સંક્રમણ રેટ છે ત્યાં ૬ થી ૮ સપ્તાહ લોકડાઉન લગાવવું જોઈએ જેથી ભારતની પરિસ્થિતી એકથી દોઢ મહિનામાં સારી થઈ શકે તેવી ફોર્મ્યુલા રજૂ કરી છે પરંતુ ભારત સરકાર આ ફોર્મ્યુલા સ્વીકારશે કે કેમ....? તેના પર મોટો સવાલ છે....! કારણ કે દેશના ૧૧ જેટલા રાજ્યોમાં કોરોનાએ વરવુ રૂપ ધારણ કરતા જે તે રાજ્ય સરકારોએ કોરોના હોટસ્પોટ જિલ્લા કે શહેરોમાં રાત્રી કર્ફ્યુ જાહેર કરેલ તો કેટલાકમાં મીની લોકડાઉન જાહેર કરેલ કેટલાક રાજ્યોમાં લોકોએ પરિસ્થિતિ પામી જઈને સ્વયંભૂ લોકડાઉન કરવા તરફ વળી ગયા છે તો સરકારે પ્રતિબંધનાત્મક આદેશોને લઈને આમ પ્રજા પરેશાન છે. અને આ બધું છતાં કોરોનાની બીજી લહેરમા નવું રૂપ પકડતા કોરોના સંક્રમિતોની સંખ્યા વધતી ચાલી છે. જે તે રાજ્યમાં ધંધા- રોજગારી મેળવવા પરપ્રાંતીઓ વર્ષ ૨૦૨૦ માં ત્રાટકેલા પ્રથમ કોરોના મહામારી દરમિયાન જે પરેશાની ભોગવવી પડી હતી અને વતનની વાટ પકડી લીધેલ તેવી સ્થિતિ કરી ભોગવવી ન પડે એટલા માટે મોટાભાગના પરપ્રાતિ શ્રમિકો પોતાના વતન ભેગા થઈ ગયા છે. જેની સૌથી મોટી અસર તમામ બજારો ઉપર થઈ છે. બજારોની રોનક ગુમ થઈ ગઈ છે, ખરીદારો દેખાતા નથી કે પછી આંગળીને વેઢે ગણાય તેટલા ગ્રાહકો ખરીદવા આવતા જોવા મળે છે. તે સાથે વિવિધ ઔદ્યોગિક ક્ષેત્રો ઉપર પણ અસર થવા પામી છે.... કારણ પરપ્રાંતિઓ વતન જતા રહ્યા છે. તો અનેક ઉદ્યોગો પાસે જે તે કાચા માલની અછત ઊભી થઈ છે. તેમ જ માર્કેટમાં માંગ પણ ઘટી જવા પામી છે.... અનેક મોટા શહેરોમાં પ્રતિબંધાત્મક આદેશોને કારણે વેપારીવર્ગ તંગ આવી જતા લોકડાઉન તેમજ પ્રતિબંધના તમે આદેશોનો વિરોધ કરવા લાગ્યા છે. બીજી તરફ કોરોના સંક્રમણ ગ્રામ્ય વિસ્તારોમાં પણ ફરી વળ્યુ છે. ત્યારે વેપાર-ઉદ્યોગ સહીતના સૌ કોઈએ સમજવું જરૂરી છે કે કૂવામાં હશે તો હવાડામાં આવશે. જ્યાં ખરીદનાર જ નહીં હોય તો વેપાર ધંધા ઉદ્યોગની હાલત શું થશે.....?

દેશમાં ગત વર્ષે ત્રાટકેલ કોરોના મહામારી સમયમા કેન્દ્ર તેમજ રાજ્ય સરકારોએ લોકડાઉન સમયમાં વિવિધ ઔદ્યોગિક ક્ષેત્રોને પોતાના શ્રમજીવીઓને સાચવી લેવા અપીલ કરી હતી પરંતુ મોટા ભાગનાએ હાથ અધ્ધર કરી દીધા હતા જ્યારે કે સરકારે રેશન કાર્ડ ધારક ગરીબોને અનાજ સહાય કરેલ.. આ બાબત પરપ્રાંતિઓ ભૂલ્યા નથી જે કારણે લોકડાઉનના ડરે જે તે રાજ્યમાંથી મોટા ભાગના પરપ્રાંતીઓ વતન ભેગા થઈ ગયા છે. જોકે ગત વરસે લોકડાઉન સમય દરમિયાન મોટા પ્રમાણમાં ભામાશાઓ મેદાનમાં આવી ગયા હતા. જેઓ તૈયાર ભોજન સહિત જીવન જરૂરી ચીજ વસ્તુઓની કિટની સહાય કરતા હતા.જૈન સમાજના ત્રણેય ફિરકાઓ પોતાના સમાજના ઓછી આવક ધરાવનાર પરિવારોને દોઢ માસ ચાલે તેટલી કરિયાણાની કિટ ત્રણેકવાર વિતરણ કરી હતી તેમ જ આર્થિક સહાય પણ કરી હતી. એજ રીતે સ્વામિનારાયણ સંપ્રદાયના બંને ફીરકાઓએ તેમના સત્સંગીઓને સહાય કરી હતી.એજ રીતે મુસ્લીમ સમાજોમાં સહાય કરવામાં આવેલ તો અનેક સંસ્થાઓ, મંડળીઓએ જ્ઞાતિ-જાતિના વાડાથી દુર રહીને તમામ ગરીબ વર્ગના પરિવારોને ,જરૂરતમંદ પરિવારોને જીવન જરૂરી ચીજ વસ્તુઓની કિટ સહાય કરી હતી તેમજ કેટલાકે તૈયાર ભોજન વિતરણ કરેલ, તો પત્રકાર જગતમાં પણ આર્થિક નબળા કે ઓછી આવકવાળા પત્રકારોના પરિવારોને જીવનજરૂરી ચીજવસ્તુઓની ત્રણેક વખત જીવન જરૂરી ચીજ વસ્તુની કિટ ઘેર ઘેર પહોંચાડી હતી...જો કે કોઈ રાજનેતાઓ કે સત્તાધારીઓ સહાય કરવા મેદાનમાં આવ્યા હોય તેવું જોવા જાણવા મળેલ નહીં... પરંતુ કોરોનાની બીજી લહેર ત્રાટકી છે અને વરવુ રૂપ ધારણ કર્યું છે ત્યારે નહીવત ભામાશાઓજ મેદાનમાં આવ્યા છે. જે કારણે દરેક સમાજના મધ્યમ વર્ગના પરિવારો, શ્રમજીવી વર્ગ, મંજૂર -ગરીબો ભારે મુશ્કેલીઓનો સામનો કરી રહ્યા છે. સરકાર દ્વારા ગરીબોને અનાજ આપવાની જાહેરાત કરવામાં આવી છે પરંતુ આજ સુધી કોઈ ગરીબને અનાજ સહાય મળી નથી... ત્યારે જો લોકડાઉન આવી પડે તો......?!

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા
પંચમહાલ સમાચાર

# પંચમહાલ જીલ્લામાં આજરોજ કોરોનાના ૧૩૧ પોઝીટીવ કેસ નોંધાયા




ગોધરા, પંચમહાલ જીલ્લામાં કોરોનાની બીજી લહેરમાં સંક્રમણના કેસ વધ્યા છે. જીલ્લામાં પ્રતિદિન કોરોના સંક્રમણના કેસમાં વધારો થઈ રહ્યો છે. જીલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં કોરોનાએ ભરડો લીધો છે. ગ્રામીણ વિસ્તારોમાં કોરોના સંક્રમણ વધતાં જીલ્લા વહીવટી તંત્ર અને આરોગ્ય તંત્ર ચિંતીત બન્યું છે. ગામડાઓમાં સંક્રમણ વધે નહિ તેવા પ્રયાસો કરાઈ રહ્યા છે. આરોગ્ય ટીમો દ્વારા ઘરે ઘરે જઈને આરોગ્યલક્ષી માહિતી મળેવીને સંક્રમણ જેવા લક્ષણો ધરાવતા દર્દીઓને આઈસોલેશન હેઠળ રાખવામાં આવી રહ્યા છે. તેમ છતાં ગ્રામ્ય વિસ્તારોમાં કોરોનાની ગંભીરતાને અવગણના કોરોના સંક્રમણના કેસમાં વધારે થઈ રહ્યો છે. જયારે શહેરી વિસ્તારોમાં કોરોના સંક્રમણના કેસમાં ઘટાડો થઈ રહ્યો છે. તેને લઈ આરોગ્ય તંત્રમાં રાહત જોવા મળી છે. પંચમહાલ જીલ્લામાં આજરોજ ૧૩૧ પોઝીટીવ દર્દી નવા નોંધાવા પામ્યા છે. જયારે કોરોનાની સારવાર લેતાં ૨૦૩ દર્દીઓ કોરોનાને માત આપીને સાજા થતાં રજા અપાઈ છે.કોરોનાની બીજી લહેરની ઘાતક અસર થી રાજયભરમાં હાહાકાર મચી જવા પામ્યો છે. ત્યારે બીજી લહેરમાં કોરોના સંક્રમણની અસર થી પંચમહાલ જીલ્લા પણ બાકાત રહ્યો નથી. જીલ્લાના શહેરી વિસ્તારોમાં કોરોનાની બીજી લહેરમાં ઝડપથી સંક્રમણ ફેલાયું હતું અને કોરોના સંક્રમિત થતાં દર્દીઓમાં ઓકસીજન લેવલ ઘટી જવાની સમસ્યાને લઈ ઓકસીજન બેડ તત્કાલ નહિ મળવાથી જીવ ગુમાવ્યા છે. બીજી લહેરમાં મોટાભાગના કોરોના સંક્રમિત થતાં દર્દીઓમાં ઓકસીજન લેવલ ઘટી જવાની દર્દીઓની સંખ્યા વધી જતાં ઓકસીજન બેડની ઘટ ઉભી થવા પામી હતી. રાજય સરકાર દ્વારા કોરોનાની બીજી લહેરની ઘાતક અસર અને ઝડપથી વધતા સંક્રમણને જોતાં ગોધરા સરકારી સિવિલ હોસ્પિટલ નર્સીંગ કોલેજને કોવિડ સેન્ટરમાં ફેરવવામાં આવી હતી અને ઓકસીજન બેડ, વેન્ટીલેટર તેમજ સાદા બેડની વ્યવસ્થા ઉભી કરીને કોરોના સંક્રમિત દર્દીઓની સારવાર શરૂ કરવામાં આવી સાથે ખાનગી હોસ્પિટલોને કોવિડ સારવાર માટે મંજુરી આપવામાં આવી આમ બીજી લહેરમાં કોરોના સંક્રમિત દર્દીઓ માટે આરોગ્ય વિભાગ અને વહીવટી તંત્ર દ્વારા પ્રયાસ કરવામાં આવ્યા હતા. જીલ્લામાં કોરોના સંક્રમણની ચેઈન તોડવા માટે સ્થાનિક વહીવટી તંત્ર દ્વારા સ્થાનિક વેપારીઓ સાથે મીટીંગ યોજી સ્વૈચ્છિક લોકડાઉન કરવામાં આવ્યું હતું પરંતુ કોરોના સંક્રમણનું જોર વધતા કોરોના સંક્રમણની ચેઈન તોડવા માટે રાજય સરકાર દ્વારા રાત્રી કરફયુ અને આંશિક છુટછાટ સાથે લોકડાઉન જાહેર કરવામાં આવ્યું. પરિણામે જીલ્લાના શહેરી વિસ્તારોમાં કોરોના સંક્રમણના કેસ ઘટતા જોવા મળ્યા છે. જયારે બીજી તરફ કોરોનાની બીજી વેવમાં ગ્રામ્ય વિસ્તારોમાં કોરોના ગાઈડ લાઈનનું પાલન નહિ થતાં કોરોના સંક્રમણના કેસ ગ્રામીણ વિસ્તારમાં વધ્યા છે. આજરોજ જીલ્લામાં ૧૩૧ પોઝીટીવ કેસ નોંધાવા પામ્યા છે. તેમાં ગ્રામ્ય વિસ્તારોમાં ૧૦૩ પોઝીટીવ જયારે શહેરી વિસ્તારમાં ૨૮ પોઝીટીવ કેસ નોંધાવા પામ્યા છે. આજરોજ ૨૦૩ જેટલા દર્દીઓ કોરોનાને માત આપી સાજા થતાં રજા અપાઈ છે. કોરોના દર્દીઓની રીકવરી રેટ વધતાં તંત્ર એ રાહતનો શ્વાસ લીધો છે.

### પંચમહાલ જીલ્લાની આજની કોરોના સ્થિતી

| |
|---|
| : શહેરી વિસ્તાર : |
| ગોધરા-૦૪ |
| હાલોલ - ૨૨ |
| કાલોલ - ૦૨ |
| : ગ્રામ્ય વિસ્તાર : |
| ગોધરા - ૨૭ |
| હાલોલ - ૦૫ |
| કાલોલ - ૩૧ |
| મોરવા(હ) - ૦૧ |
| જાંબુઘોડા - ૧૪ |
| શહેરા - 03 |
| સક્રિય કેસ - ૧૪૭૪ |
| રજા અપાઈ - ૨૦૩ |

## શહેરામાં સ્વૈચ્છિક લોકડાઉન વચ્ચે કાપડ
## કરીયાણાની દુકાનો ખુલ્લી જોવા મળતાં નાના વેપારીઓમાં રોષ


તસ્વીર : તુષાર દરજી, શહેરા

શહેરા, કોરોના કહેર વચ્ચે શહેરા નગરમાં સ્વૈછિક લોકડાઉન હોવા છતાં બપોર ના બે વાગ્યા બાદ પણ કાપડ, કરીયાણા સહિતની અમુક દુકાનો ખુલ્લી જોવા મળતા નાના વેપારીઓમાં રોષ જોવા મળ્યો હતો. જ્યારે તાલુકાના મોરવા રેણા અને વાઘજીપુર ખાતે બપોરના ૧ વાગ્યા બાદ બજારો સજ્જડ બંધ રહયા હતા. સ્થાનિક વહીવટી તંત્ર નિયમોનું પાલન નહિ કરતા મોટા દુકાનદારો સામે કાર્યવાહી કરવામાં કોઈ રસ નહીં જ્યારે પોલીસ ને માત્ર નાના દુકાનદારો સામે કાર્યવાહી કરવામાં રસ છે.

શહેરામાં કોરોનાના કહેરની બીજી લહેર ઘાતક સાબિત થઈ રહી હોવાથી પાછલા ત્રણ દિવસમાં ૧૦૦થી વધુ કોરોના પોઝિટિવ કેસો નોંધાવા સાથે કોરોના દર્દીઓ ના મોત થયા છે. નગર વિસ્તારમાં વેપારીઓએ સ્વૈચ્છિક બપોરના બે વાગ્યા બાદ દુકાનો બંધ રાખવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. નગરના મુખ્ય બજારોમાં આવેલ કાપડ સહિતની મોટી દુકાનોમાં હાલની પરિસ્થિતિ અતિગંભીર હોવા છતાં ખરીદી કરવા લોકોની ભીડ જોવા મળતી હોય છે. તેમ છતાં પોલીસ મથકના નવીન આવેલા પોલીસ ઈન્સ્પેકટરની સૂચનાથી પોલીસ દ્વારા નાના દુકાનદારો સામે કાર્યવાહી કરતા નજરે પડતા હોય છે. જ્યારે નિયમોનું પાલન નથી થતું ત્યાં પોલીસ કાર્યવાહી કરવામાં ખચકાઈ રહ્યું છે. બપોરના બે વાગ્યા બાદ અમુક દુકાનદારો દુકાનો ખુલ્લી રાખી રહયા છે. કોરોના કેસોની જે રીતે સંખ્યા સતત વધતી જઈ રહી હોવા છતાં સ્થાનિક વહિવટી તંત્ર બજારોમાં નિયમોનું પાલન કરવામાં કોઈ રસ નથી કે પછી શુભ મુહૂર્તની રાહ દેખી રહયા હોય તેમ લાગી રહ્યું છે. જ્યારે ગ્રામીણ વિસ્તારમાં મોરવા રેણા અને વાઘજીપુર ખાતેના બજારો બપોરના ૧ વાગ્યા બાદ સજ્જડ બંધ હોવાથી રસ્તાઓ સૂમસામ નજરે પડે છે. ઉલ્લેખનીય છે કે, તાલુકાના ગ્રામીણ વિસ્તારમાં બપોરના એક વાગ્યા બાદ નાના મોટા વેપારીઓએ પોતાની દુકાનો બંધ કરી દેતા હોવાથી સંપૂર્ણ બજાર બંધ રહેતુ હોય ત્યારે તાલુકા મથક ખાતે આવેલા બજારોમાં બપોરના ચાર વાગ્યા બાદ પણ દુકાનો અમુક ખુલ્લી રહેતા વહીવટી તંત્ર કેમ આ સામે કાર્યવાહી માટે પણ વિચાર કરતા નથી ? જ્યારે જાગૃત દુકાનદારો પણ ઈચ્છી રહ્યા છે કે, નિયમોનું પાલન ન કરતા હોય તેવા દુકાનદારો સામે કાર્યવાહી કરવામાં આવે તે જરૂરી છે. નાના વેપારીઓ અને રોજિંદા કમાઈને ખાનાર પરીવારજનો હાલ મુશ્કેલીમાં તેમના દિવસો જઈ રહયા હોવા સાથે તે ઘરનું ગુજરાન ચલાવું પણ મુશ્કેલ બનતુ જઈ રહયુ છે. સ્થાનિક વહીવટી તંત્ર અને પોલીસ પોતાની નૈતિક ફરજ બજાવી વધુ ભાવ લેતા મોટા વેપારીઓ તેમજ સોશિયલ ડિસ્ટન્સ સહિના નિયમોનુ પાલન નહી કરનારા દુકાનદારો સામે અસરકારક કાર્યવાહી કરવામાં આવી જોઈએ પણ તેના માટે કોઈના આદેશ આવ્યા બાદ જ તંત્ર એક્શન માં આવશે તેમ લાગી રહયુ છે.


તસ્વીર : હિમાંશુ પંડ્યા, નદીસર

ગોધરા તાલુકાના નદીસર પ્રાથમિક શાળામાં ધો. ૮માં ભણતી વિદ્યાર્થિની ટવિંકલ શનાભાઈ રાઠોડે એન.એમ.એમ.એસની પરીક્ષામાં મેરીટ ગુણ મેળવી પાસ થતાં શાળા ગામ અને સમાજનું નામ રોશન કર્યું છે. આ પરીક્ષામાં મેરીટ ગુણ મેળવતા દર વર્ષે બાર હજાર રૂપિયા પ્રોત્સાહન રૂપે મળશે.

## બાગાયત ખાતાની વિવિધ યોજનાઓનો લાભ લેવા માટે અરજી કરવાની સમયમર્યાદામાં વધારો કરાયો

ગોધરા, પંચમહાલ જિલ્લાના બાગાયતી ખેતી કરતા ખેડુત મિત્રો માટે વર્ષ ૨૦૨૧-૨૨ માટે બાગાયત ખાતાની વિવિધ યોજનાઓનો લાભ લેવા માટે અરજી કરવાની સમયમર્યાદા વધારીને તા. ૧૫-૦૫-૨૦૨૧ સુધી લંબાવવામાં આવી છે. આ ઉપરાંત ચાલુ વર્ષે (૧) મેન્યુલ સ્પ્રેયર (૨) પાવર નેપસેક સ્પ્રેયર/પાવર ઓપરેટેડ તાઈવાન સ્પ્રેયર (૮-૧૨ લી. ક્ષમતા) (૩) પાવર નેપસેક સ્પ્રેયર/પાવર ઓપરેટેડ તાઈવાન સ્પ્રેયર (૧૨-૧૬ લી. ક્ષમતા) (૪) ટુલ્સ, ઈકવીપેમેન્ટ, શોર્ટીગ, ગ્રેડીગના સાધનો તથા પી.એચ.એમના સાધનો માટે સહાયનો કાર્યક્રમ તથા (૫) ફળ તથા શાકભાજી પાકોના બગાડ અટકાવવા નાના વેચાણકારોને વિનામૂલ્યે છત્રી પૂરી પાડવા બાબત ઘટક માટે પણ રાજયના ખેડૂતો મહત્તમ અરજી કરી લાભ લઈ શકે તે માટે પોર્ટલ તા. ૦૧/૦૫/૨૦૨૧ થી તા. ૩૧/૦૫/૨૦૨૧ સુધી ખુલ્લુ મૂકવા નિર્ણય થયેલ છે. આ સમયગાળા દરમિયાન ખેડુતમિત્રો દ્વારા બાગાયત ખાતાની શાકભાજી પાકોના વાવેતર, ફળ પાકોના વાવેતર, ફુલ પાકોના વાવેતર, ઔષધીય પાકોના વાવેતર, રક્ષિત ખેતી, કાપણી પછી વ્યવસ્થાપન અને મૂલ્ય વર્ધન, આંતર માળખાકીય સવલતો, બાગાયતી યાંત્રિકરણ, મધમાખિ ઉછેર, સંકલિત રોગ જિવાત અને ખાતર વ્યવસ્થાપન, મસાલા પાકોના વાવેતર, વગેરે ઘટકોની કુલ ૯૨ જેટલી યોજનાઓમાં લાભ મેળવવા માટે અરજી કરી શકાશે. પંચમહાલ જિલ્લાના સર્વે ખેડુત મિત્રોને આઈ ખેડુત પોર્ટલ દ્વારા ઓનલાઈન અરજી કર્યા બાદ અરજીની પ્રિન્ટ સાથે જરૂરી સાધનીક કાગળો અત્રેની કચેરીએ (સરનામું: નાયબ બાગાયત નિયામકની કચેરી, રૂમ નં ૯-૧૨, બીજો માળ, જિલ્લા સેવા સદન-૨, કલેક્ટર કચેરી કમ્પાઉન્ડ, ગોધરા ટેલીફોન નં. ૦૨૬૭૨-૨૪૦૦૩૯) સમયમર્યાદામાં રજુ કરવાના રહેશે. જેની પંચમહાલ જિલ્લાના સર્વે બાગાયતી ખેડુતમિત્રોને નોંધ લેવા જણાવાયું છે.

## ઘોઘંબાના ચેલાવાડા ડુંગર અને નજીકની ટેકરીઓમાં દિપડાઓ તેમજ ટીમરીયા નજરે ચઢતા હોવાનુ સોશ્યલ મીડીયામાં વાયરલ


તસ્વીર : યોગેશ કનોજીયા, ઘોઘંબા

ઘોઘંબા, ઘોઘંબા તાલુકાના ચેલાવાડા ગામે બાબાદેવ ડુંગર સહિત આજુબાજુના આવેલ પથ્થરોની ટેકરીઓ પર છેલ્લા ૧૫-૨૦ દિવસ થી સાંજના ૫ થી ૬ વાગ્યાના સમય દિપડા અને ટીમરીયા વાઘ પથ્થરોની ગુફા માંથી બહાર આવતાં સ્થાનિક લોકોની નજરે ચડી રહ્યા છે. લોકોમાં ડરનો માહોલ સર્જાયો છે. લોકોમાં ડરનો માહોલ બહાર થી આવતાં પ્રવાસીઓ ડુંગરની આસપાસ ફરવાનું ટાળી રહ્યા છે.

ઘોઘંબા તાલુકાના ચેલાવાડા ગામે ડુંગર પર આદિવાસીઓના દેવ તરીકે બાબાદેવનું મંદિર આવેલ છે. આ સ્થળ ખૂબ પ્રખ્યાત છે અને આસ્થા ઘરાવતા દર્શનાર્થીઓ મોટી સંખ્યામાં આવતા હોય છે. કોરોના મહામારીને લઈ કોવિડ-૧૯નું સંક્રમણ ફેલાતું અટકાવવા માટે સંક્રમણ ફેલાતું અટકાવવા માટે સ્વૈચ્છિક લોકડાઉન જાહેર કરવામાં આવ્યું છે. અને કોરોના ગાઈડ લાઈન મુજબ બાબાદેવ મંદિર બંધ રાખવામાં આવ્યું છે. જેને લઈ બાબાદેવ મંદિર ખાતે દર્શનાર્થી આવતાં બંધ થયા છે. ત્યારે આ વિસ્તારમાં બાબાદેવ ડુંગર સહિતના આજુબાજુમાં આવેલ પથ્થરની ટેકરીઓ ઉપર છેલ્લા ૧૫ થી ૨૦ દિવસ થી સાંજના ૫ થી ૬ વાગ્યાના સમયે સંધ્યાકાળે ૫ થી ૬ દિપડાઓ તેમજ ટીમરીયા વાઘ ડુંગરના પથ્થરોની ગુફા બહાર આવતાં અને પથ્થરોમાં ફરતા સ્થાનિક લોકોની નજરે ચડી રહ્યા છે. જેને લઈ સ્થાનિક લોકો ડરનો માહોલ સર્જાયો છે. સ્થાનિક લોકો દ્વારા મોબાઈલ ફોનમાં વિડીયો ઉતારીને સોશ્યલ મીડીયામાં વાયરલ કરી રહ્યા છે. અત્યાર સુધી દિપડા અને ટીમરીયા દ્વારા કોઈ વ્યકિતને નુકશાન પહોંચાડયું નથી. પરંતુ બાબાદેવ મંદિર ખાતે બહાર થી આવતાં પ્રવાસીઓ ડુંગરની ગુફાઓમાં કે ડુંગર આસપાસ જગ્યા એ ફરવાનું ટાળવું જોઈએ. તેવું સ્થાનિક લોકો દ્વારા કહેવામાં આવી રહ્યું છે.

## દે.બારીયા શહેરમાં ઈદની ઉજવણીમાં કોવિડનું ગ્રહણ લાગતા ફિકકી રહી હતી

દે.બારીયા, દે.બારીયા શહેરમાં પવિત્ર રમઝાન માસના ઉપવાસ કર્યા બાદ ઈદના નામે અલ્લાહ એ ખુશી આપી છે. પરંતુ કોવિડ-૧૯ જયાર થી આવ્યો છે. ભારત દેશના ગંગા જમના તેહજીબના તહેવારોમાં કોરોનાનું, ગ્રહણ લાગી ગયું છે. પ્રાપ્ત માહિતી અનુસાર રમઝાન ઈદની ઉજવણી ખાસ ફિકકી સાબિત થવા પામી છે. કોરોનાની ગાઈડ લાઈન મુજબ આપણા તહેવારોની ઉજવણી કરવાના આદેશો છે. જયારે તમામ પ્રકારના બજારો નાસભાગમાં ખુલે છે અને બંધ પણ કરવા પડે છે. જેના કારણે તહેવારોમાં પહેલા જેવો આનંદ ઉલ્લાસ દેખવા મળતો નથી. તા.૧૪/૦૫/૨૧ શુકવારે શહેરના કસ્બા વિસ્તારમાં આવેલ સુન્ની જામા મસ્જીદમાં ઈદની નમાજ ગાઈડલાઈન મુજબ અદા કરવામાં આવી હતી અને આપણા ભારત દેશ માટે અને સર્વે વિજય માંથી કોરોના જેવી મહામારી નેસ્ત નાબુદ થાય તે માટે જામા મસ્જીદના પેશ ઈસમા ઈસ્માઈલ અલ્વી અને નાયબ પેશ ઈમામ હાફીઝ આશીફ અશરફીના દ્વારા દુઆ કરવામાં આવી હતી. જેના સાથે પવિત્ર રમઝાન માસને અલવિદા થવા પામી છે.

## ગોધરાના લીલેસરા તડવા મસ્જીદ સામે કત્તલ માટે બાંધી રાખેલ ત્રણ ગૌવંશ બચાવાયા



ગોધરા, ગોધરા લીલેસરા જી.ઈ.બી. પાછળ તડવા મસ્જીદની સામે આવેલ ખેતરોમાં ટુંકા દોરડા વડે બાંધી રાખી કત્તલના ઈરાદે બાંધી રાખેલ છે. તેવી બાતમીના આધારે બી ડીવીઝન પોલીસે રેડ કરી ત્રણ ગૌવંશને બચાવી લેવામાં આવ્યા.

પ્રાપ્ત વિગતો પ્રમાણે ગોધરાના લીલેસરા જી.ઈ.બી. પાછળના ઝાડ સાથે ટુંકા દોરડા વડે કુરતા પૂર્વક બાંધી રાખેલ છે. તેવી બાતમીના આધારે બી ડીવીઝન પોલીસે રેડ કરી હતી. રેઈડ દરમ્યાન ત્રણ ગૌવંશ કિંમત ૫૫,૦૦૦/-ને બચાવી લેવામાં આવ્યા. આ બાબતે ઈમરાન ઈસ્હાક હાજી હયાત વિરૂદ્ધ બી ડીવીઝન પોલીસ મથકે પશુ સંરક્ષણ અધિનિયમ અંતર્ગત ગુનો નોંધાવામાં આવ્યો.